।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# રોયલ બ્લડ

*Special tips*
*for*
*Social Events*

**પ્રિયમ્**


अहो श्रुतम्
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
ચૈત્ર, વિ. ૨૦૭૫

## ☼ *A Heartly Talk With* રોયલ બ્લડ ☼

મારી વ્હાલી બહેન !

તું જેને કલબ કહે છે
એ તારા પિતાનું શબ હોય છે.
કારણ કે એનાથી તારા પિતા
જીવતે જીવ મરી જાય છે.
તું તારા પિતાના ઉપકારોને યાદ કર
અને એમની ફીલિંગ્સને જો.
ખરેખર
તું કલબનું નામ લેવાનું ય પસંદ નહીં કરે.

* * * * *

મારી વ્હાલી બહેન !

ડાન્સ માટેનો તારો પાર્ટી પ્લોટ
એ તારી મમ્મીનો શોર્ટ હોય છે.
એ મમ્મીનો શોર્ટ
જેણે ભયાનક પીડા સહીને તને જન્મ આપ્યો હતો.
એ મમ્મીનો શોર્ટ
જેણે ઉજાગરા કરીને તને સૂવાડી હતી.
એ મમ્મીનો શોર્ટ
જેણે પોતાના હાથ ગંદા કરીને તારી ગંદકી સાફ કરી હતી.

બહેન !

એ મજા પર આપણે થૂંકવું જોઈએ
જેમાં એક પણ જીવ દુઃખી થતો હોય,
શું તું તારી મમ્મીને દુઃખી કરીને મજા લેવા માંગે છે ?

* * * * *

મારા વ્હાલા ભાઈ !

તું નથી ઈચ્છતો કે તારી વાઈફને કોઈ
ખરાબ નજરે જુએ,
You are right, તારે એવું જ ઈચ્છવું જોઈએ,
પણ એ ક્યારે સફળ થાય ?
જ્યારે તું ય બીજાની પત્ની કે ભાવિ પત્ની પર
નજર ન બગાડે.
જો તું આના માટે તૈયાર ન હોય
તો તારી ઈચ્છા પૂરી થવાની જ નથી.

* * * * *

મારા વ્હાલા ભાઈ !

છાતી પર હાથ રાખીને મને જવાબ આપીશ ?
તારે સારા બનવું છે ? કે ખરાબ બનવું છે ?
સારા બનવું છે ને ?
તો એના માટે સંસ્કારી નવરાત્રિનો એક જ વિકલ્પ છે.
બનવું છે સારા ને કરવું છે ખરાબ –
આ બેનો મેળ કેવી રીતે બેસે ?

મારા ભાઈ !

તારે સુખ મેળવવા માટે ખરાબ કરવું છે
પણ તને ખબર નથી.
સારા બનવામાં જે સુખ છે એ દરિયા જેટલું છે
ને ખરાબ કરીને જે સુખ મળે છે, એ ટીપાં જેટલું છે.
સારા બનીને પરમેનન્ટ સુખ મળે છે,
ખરાબ કરીને થોડી વારનું સુખ મળે છે
ને લાંબા સમયનું દુઃખ મળે છે.

પ્લીઝ મારા ભાઈ !

તું દુનિયાના રવાડે ન ચડ,
તું તારા Inner-voiceને ફોલો કર, ને સારો બની જા.

*    *    *    *    *

મારા વ્હાલા ભાઈ ! મારી વ્હાલી બહેન !

તને એક વાત પૂછું ?
તારા જીવનનો માલિક કોણ ?
જ્યારે તું ખુદ પપ્પા/મમ્મી બનીશ,
ત્યારે તું કહીશ કે ''મેં સંતાન પાછળ જાત ઘસી છે,
મેં એની ખાતર ઉજાગરા કર્યા છે.
મેં એનું ભરણ પોષણ કર્યું છે. મેં એને મોટો કર્યો છે,
માટે એના જીવનનો માલિક હું છું,
એણે મારું કહ્યું માનવું જોઈએ.''
ને આજે તું કહે છે
''મમ્મી-પપ્પાએ તારી લાઈફમાં 'ઈન્ટરફિયર' ન કરવું જોઈએ,
Because you are the owner of your Life.''
Why my dear ?
Plz. think over this.

*    *    *    *    *

My dear,

મમ્મી-પપ્પા તારા દુશ્મન નથી પણ હિતેચ્છુ છે.
ઉંમર એમની વધારે છે.
જ્ઞાન અને અનુભવ એમના વધારે છે.
જમાનો એમણે વધારે જોયો છે.
એમના એક-એક ઉપકારે

એક્ચ્યુલી તને ખરીદી લીધો છે.
એક્ચ્યુલી એ તારા owner છે જ,
અને એ ownership દ્વારા તારું ભલું જ કરવા માંગે છે.
જ્યારે તું એમનો ઓપ્રોઝ કરે છે,
ત્યારે તું તારા કલ્યાણનો ઓપોઝ કરે છે.
ત્યારે તું તારા ગુડ ફ્યુચરનો ઓપોઝ કરે છે.
પ્લીઝ, માની લે ને એમની વાત,
ખરેખર તારું સારું થશે.

* * * * *

My dear,

તારી જિંદગીની ચિંતા
નથી ક્લબવાળાને, નથી પાર્ટી - પ્લોટવાળાને,
નથી ફિલ્મવાળાને કે નથી તારા ગ્રુપને,
તારી જિંદગીની ચિંતા છે તારા મા - બાપને.
તેમણે તને જન્મ આપ્યો છે,
તેમણે તને બધું જ આપ્યું છે,
તેઓ તારું ખરા હૃદયથી ભલું ઈચ્છે છે,
ને છતાં તું એમને ઠુકરાવે
તો એમને મોત જેવી વેદના થાય છે.

My dear,

Plz. tell me.
તારે મા-બાપ ખાતર ક્લબ વગેરે છોડી દેવું જોઈએ,
કે પછી ક્લબ વગેરે ખાતર
મા-બાપની લાગણીને ઠુકરાવવી જોઈએ ?

* * * * *

My dear,

શિકારીઓ સારા લાગે, ને હિતેચ્છુઓ ખરાબ લાગે,
એવો આજનો માહોલ છે.
**आ बैल मुझे मार,**
આવી નીતિથી પોતે જ પોતાનો શિકાર કરાવવા
મૂર્ખાઓ પડાપડી કરી રહ્યા છે.
પણ તું સમજદાર બનજે.
તું શિકારીઓથી સો મીટર દૂર રહેજે
ને હિતેચ્છુઓની વાત આંખ મીંચીને માની લેજે.

My dear,

સુખ સમજદારીથી જ મળી શકે,
મૂર્ખામીનું રિઝલ્ટ દુઃખ સિવાય કાંઈ જ હોતું નથી.

* * * * *

My dear,

કલબ, પાર્ટીપ્લોટ કે સોસાયટી...
જ્યાં પણ ફિલ્મી ગીતો છે, વાસનાના તોફાનો છે,
નજરનો મિસ-યુઝ છે,
ને આગળ વધીને કોઈની જિંદગી સાથેની રમત છે.
ત્યાં એકચ્યુલી પવિત્ર ધાર્મિક તહેવાર
અને ‘માઈ’નો મિસ-યુઝ છે.

My dear,

તું એક સારી વ્યક્તિ છે. તું એક સારા ખાનદાનની વ્યક્તિ છે.
તારું બ્લડ રોયલ છે. મને તારા પર વિશ્વાસ છે,
તું આવું કરી જ ન શકે.

* * * * *

My dear,

તારી સોળ વર્ષની દીકરી
જ્યારે ખરાબ એન્વાયરમેન્ટમાં જશે,
રાતે મોડે સુધી એ ઘરે આવી નહીં હોય,
ત્યારે તને ખબર પડશે
કે તારા કારણે તારા મા-બાપ કેટલા દુઃખી થયા હશે !
એમના પર શું ગુજરી હશે !

My dear,

સમય તને બધું સમજાવી જ દેશે,
પણ જો તું હમણા સમજી જાય,
તો તારે રડવું નહીં પડે,
તારા મા-બાપને પણ રડવું નહીં પડે.
તારા જેવી સારી વ્યક્તિ માટે આ જ ઉચિત છે.
Plz. Try to understand,
You are a wise person.

* * * * *

My dear,

I tell you a super truth,
If Wealth is lost nothing is lost,
If Health is lost something is lost,
If character is lost everything is lost.

My Dear,

Plz. know your character-risks carefully,
Avoid such events,
you will avoid all the sorrows.
Really.

My dear,

Plz. give me answer

તને તારા મેરેજ પછી ખબર પડે

કે તારા જીવનસાથી નાઈટ-ડાન્સમાં જતા હતા,

બેફામ નાચતા હતા

ને બીજા છોકરા/છોકરી એમને ખરાબ નજરથી જોતા હતા,

તો તને કેવું લાગશે ?

તને ખબર પડે કે

તારા પતિ કે પત્ની બીજાને ખરાબ નજરથી જોઈ રહ્યા છે

કે બીજા એમને ખરાબ નજરથી જોઈ રહ્યા છે,

તો તને કેવું લાગશે ?

My dear,

I know,

તારા માટે આવું સાંભળવું પણ અઘરું થઈ રહ્યું છે.

તું આવી ઈવેન્ટમાં લ્હાવા લૂંટવા માંગતો હોય છે,

પણ એની સાથે સાથે જ

તારું ઘર પણ લૂંટાતું જ હોય છે.

You are a nice person. You are a wise person.

Plz. એવા લ્હાવાને બાય બાય કરી દે.

મારા વ્હાલા ભાઈ ! મારી વ્હાલી બહેન !

તું તારી જાતને ૫ પશ્નો પૂછીશ ?

(૧) તારા ભગવાનને આ ગમશે ?

(૨) શું માતાજી તારા પર નારાજ નહીં થાય ?

(૩) શું તારા મમ્મી-પપ્પાને દુઃખ નહીં થાય ?

(૪) શું તારા સંસ્કારને આ શોભે છે ?

(૫) શું એક પવિત્ર ધાર્મિક તહેવારનો આવો યુઝ કરાય ?

My dear,

થોડા વર્ષો પહેલાની વાત

ઝરુખામાં બે કન્યાઓ બેઠી હતી.

રસ્તા પરથી એક યુવાન પસાર થયો.

તે કન્યાઓ પર નજર પડી,

કન્યાઓ એ નજરને ઓળખી ગઈ.

આઘાત લાગ્યો કે આપણે કોઈની નજર બગાડી.

બંનેએ ઝરૂખામાંથી કૂદી પડીને આપઘાત કર્યો.

My dear,

પવિત્રતાની આ વેલ્થની તું વારસદાર છે.

તારું બ્લડ તો એ જ છે, જે એમનું બ્લડ હતું.

તું હલકા બ્લડની નકલ કરી જ ન શકે.

* * * * *

My dear,

તું એ સીતાજીની વારસદાર છે,

જેણે કામદેવ જેવા ય રાવણની ચાપલુસીને ધિક્કારી કાઢી હતી.

સીતાજીનો અર્થ છે સુશીલતા.

સીતાજીનો અર્થ છે પવિત્રતા.

સીતાજીનો અર્થ છે શુદ્ધતા.

My dear,

તારી ભીતરના સીતાજીને કદી મરવા નહીં દેતી.

* * * * *

મારા વ્હાલા ભાઈ ! મારી વ્હાલી બહેન !

પશ્ચિમી જીવનશૈલીમાં બંધન નથી હોતું,

That's a free culture.

ભારતીય સંસ્કૃતિમાં બંધન હોય છે.
કદાચ એટલે જ તને વેસ્ટર્ન લાઈફ સ્ટાઈલ વધુ ગમે છે,
પણ તે કદી એ point of viewથી વિચાર્યું છે.
કે બંધન એ લગામ છે.
ઘોડાને લગામ હોય છે, ગધેડાને કોઈ લગામ હોતી નથી.
ગધેડો ઘડી ઘડી લિમિટ ક્રોસ કરે છે ને માર ખાય છે.
તમે લગામને એવોઈડ કરી શકો છો, મારને નહીં,
જ્યારે લગામ નથી, જ્યાં લિમિટ ક્રોસ કરવાની છે,
ત્યાં માર તો પડવાનો જ છે.

* * * * *

My dear,

લાઈફ તો કાગડા – કૂતરાની પણ હોય છે,
જેમાં કોઈ લિમિટ નથી,
લાઈફ તો ગધેડા ને ભૂંડની પણ હોય છે,
જેમાં કોઈ મર્યાદા નથી,
જેમાં બધું ખાઈ–પી શકાય છે,
જેમાં કોઈની પણ સાથે કાંઈ પણ કરી શકાય છે.
You are a Human-being my dear.
Sorry to say,
તને આ બધું બિલકુલ શોભતું નથી.

* * * * *

My dear,

I suggest you a book -
અમેરિકા જતા પહેલા.
ભારતે અમેરિકા પાછળ દોડતા પહેલા

એ જોઈ લેવું જરૂરી છે
કે અમેરિકા ક્યાં પહોંચેલું છે ?
જો પહોળા રસ્તા ને ઊંચા મકાનોથી જ સુખી થઈ જવાતું હોત
જો Free culture થી સુખ મળી જતું હોત,
તો અમેરિકાની સિચ્યુએશન આટલી હોરિબલ ન હોત,
Plz. read once,
કદાચ આ એક જ બુક તમારી આંખો ખોલી દેશે.

* * * * *

My dear,

તે ક્યારેક કોઈ ખેતર જોયું હશે,
તે માર્ક કર્યું હશે કે દીવાલ કે કાંટાળી વાડ દ્વારા
એની મજબૂત બાઉન્ડ્રી બનાવી હોય છે.
Why ? કેમ કે જો એ બાઉન્ડ્રી ન હોય,
તો ગધેડા ને ભૂંડ પણ એમાં ઘુસી જાય છે,
Boundry-less life ની પણ
આવી જ Tragedy હોય છે,
તું ચીસ પાડી ઉઠે એટલા ભયાનક પશુઓ
એ લાઈફમાં ઘુસી જાય છે.
This is the real cost of the freedom,
My dear,
Plz. Beware of it.

* * * * *

My dear,

જો એક-પત્નીવ્રત પાળનાર પ્રભુ રામ તારા ભગવાન હોય,
દ્રૌપદીના ચીર પૂરનાર પ્રભુ કૃષ્ણ જો તારા ભગવાન હોય,

સુશીલતાના શિખર સમાન પ્રભુ મહાવીર જો તારા ભગવાન હોય,
ગીતાજી અને રામાયણ માટે જો તને આદર હોય.
આગમ માટે જો તારા હૃદયમાં બહુમાન હોય
તો તું આટલે નીચે ઉતરી જ કેમ શકે ?
ખરાબ નજર તને રાવણનો ફોલોઅર બનાવે છે,
ખરાબ કપડા તને દુઃશાસનની મા બનાવે છે,
ખરાબ કલ્ચર તને નખશિખ દુર્યોધન બનાવે છે.
ખરાબ રીત-ભાત તને રિયલ કંસ બનાવે છે.
Plz. તું બધું જ ખરાબ છોડી દે.
તું તારી જાત સાથે રમત રમવાનું છોડી દે.

* * * * *

My dear,

જીવનસાથી તો એક જ હોય,
એની સિવાય બધા સગા ભાઈ-બહેન જેવા હોય
ને લગ્ન પહેલા તો એ જીવનસાથી પણ
સગા ભાઈ-બહેન જેવા જ હોય,
આ જ છે આપણી સંસ્કૃતિ
અને સુખી પારિવારિક જીવનનું રહસ્ય પણ આ જ છે.
My dear,
થોડી મજા, કહેવાતી મજા, ગંદી મજા ને ભયાનક મજા,
જો એના ખાતર આપણી ખાનદાની
ને આપણી સંસ્કૃતિ લજવાતી હોય,
ને આપણું આખું જીવન વેરવિખેર થઈ જતું હોય,
તો સમજદારી શેમાં છે ?
Plz. think well.

મારા વ્હાલા ભાઈ ! મારી વ્હાલી બહેન !

આજે આખી દુનિયામાં સૌથી વધુ તિરસ્કારપાત્ર કોઈ હોય,
તો એ છે આતંકવાદી.
તને ખબર નથી, પણ કેટલીક જગ્યા જ આંતકવાદી હોય છે.
જ્યાં તમારા ચારિત્રને
મશીનગનથી ચાળણી બનાવી દેવાતું હોય છે.
જ્યાં તમારા સુખી ભવિષ્ય પર બોંબ નંખાતો હોય છે.
આ આતંકવાદી મીઠો હોય છે,
એટ્રેકટીવ અને બ્યુટીફુલ હોય છે.
મૂર્ખાઓ એનાથી ફસાઈ જ જાય છે.
તમે તો સમજદાર છો ને ?

* * * * *

My dear,

Western culture જેને Freedom કહે છે,
એનો Actual Meaning છે –
પોતાના પગ પર કુહાડો મારવાની Freedom,
પોતાના ઘરમાં આગ લગાવવાની Freedom,
પોતાના પેટમાં ખંજર ભોંકવાની Freedom,
My dear, તું ફક્ત ઉપલી સપાટી જુએ છે,
તું જરા અંદર પણ જો ને !
આપઘાતો, પાગલપણું, માનસિક રોગો, છૂટાછેડાઓ,
હત્યાઓ, દેવાળિયાપણું, તૂટેલા પરિવારો, અનાથ બાળકો,
દુઃખો, પીડાઓ... આ બધું જેટલું Western Culture માં છે
એટલું આપણે ત્યાં નથી.
આપણા સંસ્કારી સમાજમાં તો
આ બધું બિલકુલ નથી.

તો Freedomનો Actual Meaning થશે મૂર્ખામી.
you are an inteligent person my dear !
Plz. get freedom from this freedom.

* * * * *

My dear,

તું કદી એવું નહીં કરતો.
જે તારા મા-બાપ જાણે તો તારે શરમાવું પડે.
ને તારા સંતાન જાણે તો તારે શરમાવું પડે.
ચોરીથી કંઈક મળી શકે છે
પણ ચોર હંમેશા ભયભીત જ હોય છે.
ચોર હંમેશા દુઃખી જ હોય છે.
જે જગ્યા તને ચોર બનાવે,
એનાથી તું min. ૧૦૦ મીટર દૂર રહેજે
Actualy દરેક ચોર
પોતાના ઘરમાં જ ચોરી કરતો હોય છે.

* * * * *

મારા વ્હાલા ભાઈ ! મારી વ્હાલી બહેન !

તને એક હૃદયની વેદના કહું ?
તું એક ખાનદાન પરિવારનું સંતાન છે,
તને આવો સારો ધર્મ મળ્યો,
આવી સરસ ભારતીય સંસ્કૃતિ મળી,
તારામાં આટલી સમજદારી પણ છે,
તો પછી તારે આ ગંદકીભર્યા પ્રવાહમાં તણાઈ જવું જોઈએ ?
કે પછી ખુદ એમાંથી બહાર નીકળીને
બીજા ૫૦-૧૦૦ ને પણ બચાવવા જોઈએ ?

My dear,
તું જમાનાથી ન બદલાય, પણ તારાથી જમાનાને બદલે,
એવી તારી પાસે અપેક્ષા છે.
તું આ અપેક્ષા પૂરી કરીશ ?

* * * * *

મારી વ્હાલી બહેન !
કેમ એવું ન બને ?
કે તું સોસાયટી - સોસાયટીએ ફરીને
આજની વિકૃતિઓનો પર્દાફાશ કરી દે
અને આપણી વહુઓ અને દીકરીઓને બચાવી લે,
કેમ એવું ન બને ?
કે તારી સંસ્કારવાણી આપણા ઘરોને ઉજ્જડ થતા બચાવી લે,
why not ?
એની બદલે તું જ એ વિકૃતિઓને
અપનાવી લેવાની તૈયારી કરતી હોય એ કેવું ?
Plz. બહેન, તારો જન્મ આ નાદાની માટે નથી થયો.
કશુંક મહાન કાર્ય કરવા માટે થયો છે.

* * * * *

મારી વ્હાલી બહેન !
તું જ બની જા ને મા દુર્ગા,
સંહાર કરી દે વિકૃતિઓના મહિષાસુરને
નવરાત્રિની આનાથી સારી ઉજવણી બીજી કઈ હશે ?

* * * * *

મારા વ્હાલા ભાઈ ! મારી વ્હાલી બહેન !
તું જવાન છે, શિક્ષિત છે, શક્તિશાળી છે, શ્રીમંત પણ છે.

તારી સૌથી મોટી વિશેષતા એ છે કે તું સમજદાર પણ છે
તું જ મને કહે, તારે સંસ્કારોના પક્ષે રહીને
તારી વિશેષતાઓનો સદુપયોગ કરવો જોઈએ,
કે પછી વિકૃતિઓના પક્ષે રહીને
એનો દુરુપયોગ કરવો જોઈએ ?
Plz. think well.

* * * * *

મારા વ્હાલા ભાઈ ! મારી વ્હાલી બહેન !
તું કદાચ ધર્મને કે સંસ્કૃતિને ન સમજી શકે.
શાસ્ત્રો કે મર્યાદાને ન સમજી શકે,
મમ્મી-પપ્પાની ફીલિંગ્સ કે હિતેચ્છુની એડવાઈસને પણ
કદાચ તું ન સમજી શકે, હું તને એટલું જ પૂછું છું.
કે શું તું તારા ઈનર કોન્સિયસને પણ ન સમજી શકે ?
જે તને ના પાડે છે. સાફ ના.
આ બધું ગંદું છે. આવું ન જ કરાય.
Plz. try to understand.

* * * * *

My dear,
Believe or Not,
અત્યારે રાત-દિવસ તારા હિતની ચિંતામાં હું શેકાઈ રહ્યો છું.
તારું જીવન લૂંટાઈ જાય એમાં ફિઝિકલી મારું શું જાય છે ?
તું બચી જાય તો મને ફિઝિકલી મને શું મળવાનું છે ?
અહીં જે પણ કહ્યું છે એ લાગણીથી કહ્યું છે.
તારા સારા માટે કહ્યું છે. તું સમજીશ એવા વિશ્વાસથી કહ્યું છે.
મને વિશ્વાસ છે કે તું મારો વિશ્વાસ નહીં તોડે.

* * * * *